# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-03-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મહિલા અને બાળવિકાસ વિભાગની અંદાજપત્રિય માગણીઓ :

રાજ્ય વિધાનસભામાં આજે મહિલા અને બાળવિકાસ વિભાગની સાત હજાર 689 કરોડ રૂપિયાથી વધુની અંદાજપત્રિય માગણીઓ પસાર કરવામાં આવી.

ચર્ચામાં ભાગ લેતા મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉક્ટર મનિષા વકીલે કહ્યું, આંગણવાડી બહેનોના હાથમાં સ્માર્ટફોન અને 'પોષણ ટ્રેકર' છે, જેનાથી છેવાડાના બાળક સુધી મળતી સુવિધાઓનું રિયલ ટાઈમ મોનિટરિંગ કરાય છે. રાજ્યની 53 હજારથી વધુ આંગણવાડીઓમાં 48 લાખ લાભાર્થીઓ માટે કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. આધારિત હાજરી પૂરવાની પ્રણાલિ માટે પાંચ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હોવાનું પણ સુશ્રી વકીલે ઉમેર્યું હતું.

-----------------------------------------------------------------------------------

## કંડલા-મુન્દ્રા પોર્ટ :

મધ્ય-પૂર્વમાં હાલની યુદ્ધની સ્થિતિની સીધી આર્થિક અસર હવે કચ્છના બે સૌથી મોટા બંદરો કંડલા અને મુન્દ્રા પર જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય શિપિંગ રૂટ ગંભીર રીતે ખોરવાયા હોવાના પરિણામે કંડલા અને મુન્દ્રા બંદરેથી ઈરાન નિકાસ થવા માટે તૈયાર આશરે 345 કરોડનો માલ અટવાઈ પડ્યો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી જિતિન પ્રસાદે લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું કે, દીનદયાલ પોર્ટ કંડલા પર પહેલી માર્ચ સુધીના આંકડા મુજબ, 35,962 ટન ચોખા, ચા અને જીવનરક્ષક દવાઓનો જથ્થો અટવાયેલો છે. આ માલનું 'ફ્રી ઓન બોર્ડ' મૂલ્ય ₹305 કરોડ જેટલું છે. તો દેશના સૌથી મોટા ખાનગી બંદર મુન્દ્રા ખાતે પણ ઈરાન મોકલવા માટે તૈયાર રખાયેલો ₹40 કરોડની કિંમતનો 5,676 ટન કાર્ગો પણ અટવાયેલો હોવાનું જાણવા મળ્યું છે.

જ્યાં સુધી પશ્ચિમ એશિયાના દરિયાઈ માર્ગો પર સુરક્ષા વ્યવસ્થા પૂર્વવત નહીં થાય અને શિપિંગ કંપનીઓ પોતાનું ઓપરેશન રાબેતા મુજબ નહીં કરે, ત્યાં સુધી ગુજરાતના બંદરોથી થતો આ વેપાર ખોરવાયેલો રહેશે તેમ જાણકારોનું કહેવું છે.

---------------------------------------------------------------------------

## જિલ્લામાં આરોગ્ય સેવાઓની સમીક્ષા :

જિલ્લામાં આરોગ્ય સેવાઓને વધુ સુદૃઢ બનાવવા જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આરોગ્ય સંકલન સમિતિ તથા ટોબેકો કંટ્રોલ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન જિલ્લામાં ચાલી રહેલી વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ અને કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરે બાળ અને માતા મરણના કારણો, સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં થતી પ્રસૂતિઓની સંખ્યા, રસીકરણ કાર્યક્રમ, સંચારી અને બિન-સંચારી રોગો, મેલેરીયા અને ડેન્ગ્યુ જેવી બીમારીઓ સામે લેવાતા અટકાયતી પગલાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ઉપરાંત સરકારી આરોગ્ય કેન્દ્રોમાં નિયમિત સ્વચ્છતા જાળવવા તેમજ આરોગ્ય સેવાઓને વધુ અસરકારક બનાવવા સૂચના આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------

## વિશ્વ કિડની દિવસ :

આજે વિશ્વ કિડની દિવસ છે. કિડની શરીરનું મહત્વનું અંગ છે. તેનું મુખ્ય કામ લોહીમાંથી ઝેર દૂર કરવાનું અને ઇલેક્ટ્રોલાઇટને સંતુલન કરવાનું છે. વિશ્વમાં દર 10માંથી એક વ્યક્તિ કિડનીના રોગનો સામનો કરે છે.

કિડનીની શરૂઆતથી જ માવજત લેવાય તો અનેક વ્યાધિથી બચી શકાય તેવી સલાહ ભુજની જનરલ હોસ્પિટલના તબીબોએ આપી છે.

હોસ્પિટલના નેફ્રોલોજીસ્ટ ડો.હર્ષલ વોરાએ જણાવ્યું કે, કિડનીના રોગોના લક્ષણો દેખાતા નથી. જેથી, લાંબા સમયથી ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર હોય તેવા તેમજ દુખાવાની ગોળી લેતા દર્દીઓએ સાવધ રહેવું જોઈએ તેમ તેમણે ઉમેર્યું હતું.

કિડનીને સ્વસ્થ રાખવા પર્યાપ્ત માત્રામાં પાણી પીવા, મીઠું સીમિત માત્રામાં જ ખાવા ઉપરાંત નિયમિત વ્યામ,વજન ઉપર નિયંત્રણ, ડાયાબિટીસ અને હાઈ બી.પી.ને કંટ્રોલમાં રાખવાથી ફાયદો થાય છે તેમ તબીબોનું કહેવું છે. ખાસ કરીને પેઈન કિલર લેવા પહેલા ડોકટરની સલાહ લેવી જરૂરી બને છે.

ઉલ્લેખનીય છે કે, ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં દર મહિને 800 થી 900 ડાયાલિસિસ થાય છે.

---

## હવામાન :

છેલ્લા ચારેક દિવસથી તાપમાનમાં સતત થઈ રહેલા વધારા અને હવામાં ભેજનું પ્રમાણ ઘટવાને કારણે સમગ્ર જિલ્લામાં ગરમીનું મોજું ફરી વળ્યું છે.

હવામાન વિભાગે આજે કચ્છ સહિતના જિલ્લાઓમાં ઉષ્ણ લહેરની સંભાવના સાથે આપેલા યલો એલર્ટ વચ્ચે ભુજ અને કંડલા પોર્ટમાં મહત્તમ તાપમાન 39 ડિગ્રી સેલ્સિયસ, કંડલા એરપોર્ટ ખાતે ૪૦ ડીગ્રી અને નલિયામાં 36 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું હતું. બપોરના સમયે આકરા તડકા અને લૂ ને કારણે માર્ગો પર લોકો પરસેવે રેબજેબ થઇ રહ્યા છે. ગરમીના

કારણે બપોરના સમયે લોકો બિનજરૂરી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે, જેના કારણે બજારોમાં પણ પાંખી હાજરી જોવા મળી રહી છે.

આવતીકાલ અને 13 માર્ચ અને 14 માર્ચના રોજ પણ યેલો એલર્ટની સ્થિતિ યથાવત રહેશે તેમ હવામાન વિભાગે કહ્યું છે. જોકે, 14 માર્ચ બાદ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે, જેનાથી લોકોને આંશિક રાહત મળશે.

---------------------------------------------------------------------------------------------

## ગરમીમાં પશુઓની કાળજી :

આગામી દિવસોમાં હીટવેવની સંભાવનાને જોતા જિલ્લાના દુધાળા પશુઓને ગરમીથી રક્ષણ આપવા પશુપાલકોને કેટલાક સાવચેતીના પગલા ભરવા અનુરોધ કરાયો છે.

પશુઓને આકરી ગરમીથી બચાવવાં છાયડામાં રાખવા તેમજ શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપવા જણાવાયું છે. સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી પશુઓને બહાર ન કાઢવા, ખોરાકનું પૂરતું ધ્યાન રાખવા સાથે પશુઓના રહેઠાણનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાસની ગંજીથી ઢાંકવી અને સફેદ રંગથી રંગવા સૂચન કરાયું છે. આ ઉપરાંત, આહારમાં લીલો ચારો વધુ માત્રામાં આપવા, પૌષ્ટિક, સુપાચ્ય અને સંતુલિત આહાર આપવા અને આહારમાં ખનીજનો સમાવેશ કરવા પણ સલાહ આપવામાં આવી છે. મરઘા ઉછેર કેન્દ્રમાં પડદા લગાવવા અને હવા ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરવા જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------